હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ડોક્ટર સાહેબ, સાચૂ કહો અત્યારે બહાર જતી વખતે સ્વેટર પહેરવું જોઈએ કે રેઈનકોટ...!!

શહેરી વિસ્તારના ગામોમાં નળ સે જળ યોજના અન્વયે બે હજાર જોડાણ કાયદેસર કરાશે

નવી લાઇન નાંખવાનુ કામ શરૂ કરાયુ : દાયકાઓ જુની સિમેન્ટની લાઇન પણ દુર કરી નવી લાઇન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે : પાલજમાં કામ પુર્ણ હવે અન્ય ગામોમાં પણ કામગીરી હાથ ધરાશે

ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં નળ સે જળ યોજના અન્વયે પાણીના ગેરકાયદેસર જોડાણ કાયદેસર કરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જયારે આ યોજનાને અનુલક્ષી ગામડાઓમાં જુની લાઇન દુર કરી નવી લાઇન નાંખવા માટે પણ કામ શરૂ કરી દેવાયુ છે. કેટલાક ઠેકાણે સિમેન્ટની લાઇન પણ છે જેના બદલે હવે નવી લાઇન નાંખવામાં આવી રહી છે. આ કામગીરી અન્વયે પાંચ ગામોમાં અંદાજિત ૨ હજાર જોડાણ આપવા લાઇન નાંખવામાં આવી રહી છે.

ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં દાયકાઓના અંતે પણ હજુ માળખાગત સુવિધાઓના કામોની પુર્ણતા થઇ નથી. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં સમયાંતરે પાણીની પોકાર પણ ઉઠતી રહે છે. ગ્રામ્ય વિસ્તારની ટોપોગ્રાફીના લીધે પણ કેટલાક ગામોના જુદા જુદા વિસ્તારમાં પાણીની સમસ્યા ઉઠતી હોવાનુ પણ અગાઉ ધ્યાને આવ્યુ હતુ શહેરી વિસ્તારના ગામોમાં પાણી, ગટર, રસ્તા તેમજ સ્ટ્રીટ લાઇટના કામો પુર્ણ કરવા માટે પણ વારંવાર રજુઆત કરવામાં આવી રહી છે. જેમાં ખાસ કરીને ઉનાળાની ગરમીના દિવસોમાં બોરીજ, બાસણ, પાલજ, આદીવાડા તેમજ ફતેપુરા વિસ્તારમાં પાણીની પોકાર સ્થાનિકોના આક્રોશનુ કારણ બને છે. જયારે પાણીની સમસ્યાને ડામવા માટે અગાઉ આ ગામોમાં પાણીના નવા બોર, તેમજ પાણીની ટાંકી અને સંપનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ હતુ જયારે પાણીની સમસ્યાને ડામવા માટે વિવિધ ઠેકાણે સર્વેના અંતે લાઇન બદલવાનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ હતુ. હાલ શહેરી વિસ્તારના ગામોમાં નળ સે જળ યોજના અન્વયે ગેરકાયદેસર જોડાણ કાયદેસર કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. જે અન્વયે દરેક ગ્રામજનોની પાણીની જરૂરિયાત સંતોષવા માટે બાકી રહેતી જગ્યાએ જોડાણને યોગ્ય કરવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેને અનુલક્ષી ગામોમાં નવી લાઇન નાંખવા માટે પણ કામ શરૂ કરી દેવાયુ છે. અત્યાર સુધી પાલજમાં નવી લાઇન નાંખવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે જેમાં કેટલાક ઠેકાણે વર્ષો જુની સિમેન્ટની લાઇન દુર કરી નવી લાઇન નાંખવામાં આવી છે. આ ઉપરાંત બોરીજ, બાસણ, ફતેપુરા અને આદીવાડામાં પણ આ મુજબની કામગીરી કરવામાં આવશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ કરાશે. જયારે નળ સે જળ યોજના અન્વયે અંદાજિત ૨ હજાર જોડાણ નિયમિત થાય તે દીશામાં કામગીરી પુર્ણ કરાશે. જેના અંતે ગામોમાં પાણીનો પ્રશ્ન પણ હલ થશે. નવા જોડાણ અને લાઇનની કામગીરીના લીધે ગ્રામજનોએ પણ હર્ષની લાગણી અનુભવી છે.

ખૂણેખાંચરેથી

- મતદારયાદી સુધારણા અભિયાન ૫ મી ડિસેમ્બર સુધી લંબાવવાનો નિર્ણય કેન્દ્રીય ચૂંટણી પંચે કર્યો છે.
- જિલ્લામાં કોરોના સહાય મેળવવા માટે ૨૫૦૦થી વધુ લોકો ફોર્મ લઈ ગયા છે તેમજ ૯૦૦ થી વધુ ભરાઈને પરત તંત્રને મળ્યા છે.
- એક્ઝીબીશન સેન્ટર ખાતે યોજાયેલ "એન્જી કેમ"ના મુલાકાતીઓ દ્વારા આડેધડ પાર્કિંગ થતાં સેક્ટરોના સર્વિસ રોડ પર પણ ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા. શહેરમાં જાહેર પાર્કિંગની સમસ્યાએ ફરીથી માથુ ઉંચક્યુ છે.
- ગાંધીનગર મનપા દ્વારા આજે પેથાપુર ખાતે સેવાસેતુનું આયોજન કરવામાં આવ્યું છે.
- વરસાદી માહોલ અને ઠંડી વચ્ચે આજે બીજે દિવસે પણ શહેરનું જનજીવન ખોરવાયેલુ રહ્યુ હતુ.
- ગાંધીનગર જિલ્લામાં શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વાહકજન્ય રોગચાળાના કેસો વધ્યા છે.
- આગામી ૬ ડિસેમ્બરના રોજ સફાઈ કામદાર આયોગના ડાયરેક્ટર અંજના પવાર ગાંધીનગરની મુલાકાતે આવેલ છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે ૮ હજારથી વધુ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- આજે ઠંડી અને વરસાદી માહોલનેપગલેચા ની કીટલીઓ પર ઘરાકી જામી હતી.

પારુલ પરમારે યુગાન્ડા ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટમાં ત્રણ સિલ્વર મેડલ જીત્યા

યુગાન્ડાથી પરત આવ્યા બાદ મુખ્યમંત્રી તેમજ રમતગમત મંત્રી સાથે શુભેચ્છા મુલાકાત કરી

ગાંધીનગર તા. ૧

ગાંધીનગરના ગૌરવ સમાન મહિલા પેરા બેડમિન્ટન ખેલાડી અર્જુન એવોર્ડી પારુલ પરમારે યુગાન્ડા ખાતે યોજાયેલી યુગાન્ડા ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટમાં ત્રણ સિલ્વર મેડલ જીત્યા બાદ વતન ફરી આજે મુખ્યમંત્રી તેમજ રમતગમત મંત્રી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે જાપાનમાં ટોક્યો ખાતે રમાયેલી પેરાલિમ્પિકમાંથી પરત ફર્યા બાદ પારૂલ પરમારની મુખ્યમંત્રી સાથે આ પહેલી ઔપચારિક મુલાકાત હતી.

ગાંધીનગરના પેરા બેડમિન્ટન ખેલાડી પર પરમારની યશકલગીમાં વધુ ત્રણ પીંછા ઉમેરાયાં છે. તાજેતરમાં તેમણે યુગાન્ડા ઈન્ટરનેશનલ ટૂર્નામેન્ટમાં યશસ્વી પ્રદર્શન કરતાં સિંગલ, ડબલ્સ અને મિક્સ ડબલ્સમાં એમ ત્રણ કેટેગરીમાં સિલ્વર મેડલ્સ જીત્યા હતા. ડબલ્સમાં તેમના પાર્ટનર વૈશાલી હતા અને મિક્સ ડબલ્સમાં તેમના પાર્ટનર રાજકુમાર હતા. આજે ત્રણેય ખેલાડીઓએ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ રમતગમત મંત્રી હર્ષ સંઘવીની શુભેચ્છા મુલાકાત કરી હતી. મુખ્યમંત્રી તથા રમત ગમત મંત્રીએ તેમને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

વ્યાયામ શિક્ષક સંઘની માંગણી નહી સંતોષાય તો આંદોલનની ચિમકી

ગાંધીનગર, તા.૨

રાજય સરકાર દ્વારા છેલ્લા દોઢ દાયકાથી વ્યાયામ તેમજ કલા શિક્ષકોની ભરતી કરવામાં આવી નથી. રાજયના મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને અનેકવાર રજુઆતો કરવા છતા વ્યાયામ-કલા શિક્ષકોની ભરતી કરવામાં આવી નથી. જેથી ગુજરાત વ્યાયામ-કલા શિક્ષણ સમિતિના પ્રમુખ દ્વારા શિક્ષણમંત્રીને આવેદન પત્ર આપવામાં આવ્યું છે. આગામી તા.૧૨ ડિસેમ્બર સુધી સરકાર દ્વારા હકારાત્મક પ્રતિભાવ નહી સાંપડે તો તા.૧૩ થી ૧૫ સુધી સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ આંદોલન કરશે.

કેન્દ્રીય શિક્ષણનિતી અને આરટીઈ ૨૦૦૯ મુજબ દરેક શાળાઓમાં વ્યાયામ શિક્ષકોની નિમણુંક કરવાની થાય છે. નવી શિક્ષણનિતીમાં પણ આ વિષયને ફરજીયાત સ્થાન આપવામાં આવ્યું છે.તેમ છતા પણ રાજયમાં આ વિષયને ન્યાય મળ્યો નથી. તો નવિ શિક્ષણનિતી મુજબ ગુજરાત રાજયમાં અન્ય રાજયોની જેમ ફરજીયાત ધોરણ-૧ થી ૧૨ માં આ વિષયોને દાખલ કરવામાં આવે. સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા સત્વરે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આ વિષયોને મહેકમની બહાર રાખવામાં આવે અને અન્ય રાજયોની જેમ દરેક શાળાઓમાં ફરજીયાત એક વ્યાયામ અને કલાના શિક્ષકની નિમણુંક કરવામાં આવે. આગામી તા.૧૨ ડિસેમ્બર સુધી સરકાર દ્વારા વ્યાયામ-કલા શિક્ષક સમિતિના પડતર પ્રશ્નો અંગે હકારાત્મક અભિગમ નહી અપનાવવામાં આવે તો તા.૧૩ થી ૧૫ ડિસેમ્બર દરમિયાન સત્યાગ્રહ છાવણી ખાતે રાજયભરમાંથી મોટીસંખ્યામાં ઉમેદવારો ઉમટી આંદોલન કરશે.

રાયપુર એસ્સાર પેટ્રોલ પંપ નજીક કારની ટક્કરે બાઈક પર સવાર બે ને ઈજા

ગાંધીનગર, તા.૨

નરોડા-દહેગામ માર્ગ પર રાયપુર ગામની સીમમાં એસ્સાર પેટ્રોલ પંપ નજીક રોડ ઉપર અજાણ્યા વાહન ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારી બાઈકને ટક્કર મારતા બે વ્યકિતને શરીરે ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલીક નરોડોની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે કાર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

અમદાવાદ મણીનગર સુખાનંદ એપાર્ટમેન્ટ ચોથા માળે મકાન નં.૧૧ ખાતે રહેતા પ્રતિમાબેન દિનેશ બારોટ (ઉં.૩૫) કાંકરીયા લીટલ સ્ટાર પ્રથામિક શાળામાં નોકરી કરે છે અને પરિવારનું ગુજરાન ચલાવે છે.ગત તા.૨૧ ના રોજ પ્રતિમાબેન તેમના પતિ દિનેશભાઈ અને તેણીના બહેન અને મામાના દિકરા ભાઈ સહિત પાડોશમાં રહેતા પરિવારોએ અરવલ્લી જિલ્લાના જાજ ખાતે પ્રવાસનું નક્કી કર્યું હતું. ત્યારે પ્રતિમાબેનના પતિ દિનેશભાઈ અને તેમના સાળા હર્ષવર્ધન બાઈક નં. જી.જે.૦૮.સી.એફ.-૧૯૮૪ લઈને નીકળ્યા હતા. જયારે બીજા અન્ય વ્યકતિઓ હેતલબેનની ગાડી નં. જી.જે.૨૭.ડી.બી.-૮૫૨૬માં રવાના થયા હતા. જયારે બાઈક દિનેશભાઈ ચલાવી રહ્યા હતા અને સવારના દશ વાગ્યાના અરસામાં ગાડી લઈને દહેગામ-નરોડા માર્ગ પર રાયપુર ગામ પસાર કરી થોડે આગળ ગયા હતા. તે સમયે ફરીયાદીના પતિના ફોન પરથી ફોન આવ્યો હતો અને અજાણી મહિલા વાત કરીને જણાવ્યું હતું કે આ ફોનવાળા ભાઈને પરઢોલ પાટીયા એસ્સાર પેટ્રોલ પંપ નજીક અકસ્માત થયો છે. જેથી ગાડી વાળીને અકસ્માત સ્થળે આવી ગયા હતા. તે સમયે દિનેશભાઈ અને હર્ષવર્ધન રોડની સાઈડમાં બેસાડ્યા હતા. જયારે ફરીયાદીના પતિ દિનેશભાઈને જમણી આંખની બાજુમાં તેમજ જમણા હાથે અને શરીરે ઈજાઓ થઈ હતી. જયારે હર્ષવર્ધનને ડાબા હાથના ખભા ઉપર તેમજ પીઠ પર ઈજા થઈ હતી. અકસ્માત અંગે પુછતા હર્ષવર્ધને જણાવ્યું હતું કે બાઈક જઈ રહ્યું હતું તે સમયે પાછળથી એક કારે ઓવરટ્રેક કરીને સાઈડ લાઈટ બતાવ્યા વિના જ ગાડી પેટ્રોલ પંપ તરફ વાળી દેતા અમારા બાઈકને સાઈડના ભાગે અથડાયુ હતું. જેથી બાઈક સાથે માર્ગ પર પડી ગયા હતા. જયારે કાર નં. જી.જે.૦૧.કે.યુ.-૨૨૦૬ ના ચાલક અકસ્માત કરીને ફરાર થઈ ગયો હતો.

આખરે સિવિલના પીએનસી વોર્ડમાં દરવાજો નંખાયો

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવેલા પીએનસી વોર્ડમાં છેલ્લા કેટલાક સમયથી દરવાજો ન હતો. જેને પગલે શિયાળાની કડકડતી ઠંડીમાં મહિલાઓ અને નાના ભુલકાઓ ઠુંઠવાતા હતા. દરવાજો અને બારીના કેટલાક કાચ તુટેલા હોવાથી સુસવાટા મારતા પવનને પગલે મહિલા દર્દીઓ અને સ્ટાફ પણ ધ્રુજી જતો હતો. ત્યારે પીએનસી વોર્ડમાં દરવાજા માટે અનેકવાર રજુઆત કરવામાં આવી હતી. ત્યારે પીઆઈયુ વિભાગ સુધી રજુઆત પહોંચતા પીઆઈયુ તંત્ર દ્વારા તાત્કાલીક પીએનસી વોર્ડમાં નવીન દરવાજો નાંખી દેવામાં આવ્યો હતો. જેને પગલે સારવાર માટે એડમીટ મહિલા દર્દી અને નાના ભુલકાઓને ઠંડી સામે રક્ષણ મળ્યું છે.

જૈવિક તબીબી કચરાના યોગ્ય નિકાલ અંગે જાગૃતિ કેળવાય તે જરૂરી

બાયો મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ અંતર્ગત હેલ્થકેર ફેસીલીટી માટે જીપીસીબીનો જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨

કોરોનાના અપરેટેડ વર્ઝન સાથેના વાઈરસને કારણે વિશ્વભરમાં ઉદભવતી મહામારીને અનુલક્ષીને બાયો મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ અંગે જાણકારી તથા દરેકને જૈવિક તબીબી કચરાના નિયમાનુસાર યોગ્ય નિકાલની વ્યવસ્થા બાબતે સભાનતા અને જાગૃતિ કેળવાય, એ બાબતે ગંભીર અને સાવચેત બનવું આજના સમયે અતિ આવશ્યક છે તેવું જીપીસીબીના પ્રાદેશિક અધિકારી ડી.સી.વંકાણીએ તાજેતરમાં જીએમઈઆરએસ મેડીકલ કોલેજ ખાતે યોજાયેલા માર્ગદર્શન કાર્યક્રમમાં જણાવ્યું હતુ. આ સાથે તેમણે કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો, ગાંધીનગર જીલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, કોમ્યુનિટી હેલ્થ સેન્ટરો તથા પ્રાઈવેટ હોસ્પિટલના ડોક્ટર તથા જૈવિક તબીબી કચરાના નિકાલની ફેસીલીટી ધરાવતા એકમોના પ્રતિનિધિઓને આ સંદર્ભે વિશેષ રૂપે જાણકારી આપી હતી.

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની ગાંધીનગર ખાતેની પ્રાદેશિક કચેરી દ્વારા જિલ્લા આરોગ્ય કેન્દ્ર અને જીએમઈઆરએસ મેડીકલ કોલેજના સહયોગથી બાયો મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ અંતર્ગત જિલ્લામાં હેલ્થકેર ફેસીલીટી તથા પ્રાઈવેટ હોસ્પિટલમાંથી ઉદભવતા જૈવિક તબીબી કચરાના યોગ્ય અને સુચારુ રૂપે વ્યવસ્થાપન માટે તા. ૧લી ડિસેમ્બર બુધવારના રોજ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં જીએમઈઆરએસ મેડીકલ કોલેજ ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજાવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ડી.સી.વંકાણી, ઉપરાંત સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડો.નિયતીબેન લાખાણી, જીલ્લા આરોગ્ય કેન્દ્રના ડો.ધર્મેશ પરીખ ઉપસ્થિત રહ્યાં હતા.

ઈ-કોલી વેસ્ટ મેનેજમેન્ટના દિપેશભાઈ દ્વારા કોમન બાયો મેડિકલ વેસ્ટ નિકાલ માટેની તેમની ફેસિલટીમાં જૈવિક તબીબી કચરાના નિકાલ બાબતે અને બોર્ડના મદદનીશ પર્યાવરણ ઈજનેર આર.કે.પટેલ દ્વારા બાયો મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ અંતર્ગત પ્રેઝન્ટેશન સાથે સમજૂતી આપવામાં આવી હતી. કાર્યક્રમના સમાપને બોર્ડના મદદનીશ પર્યાવરણ ઈજનેર પ્રિયંકાબેન ગામીતે આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રાદેશિક કચેરીના વૈજ્ઞાનિક અધિકારી અનિલ ખંધેડીયાએ કર્યુ હતું. કાર્યક્રમમાં રાજ્ય સરકાર દ્વારા પ્રકાશિત જૈવિક તબીબી કચરાના નિકાલ માટે વ્યવસ્થાપન બાબતના પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં આવેલી હોટલ, રિસોર્ટ્સ, રેસ્ટોરન્ટ, એમ્યુઝમેન્ટ પાર્ક- વોટર પાર્ક, સિનેમાઘરો, મલ્ટીપ્લેક્સ અને જીમ્નેશીયમને વર્ષ- ૨૦૨૧-૨૨ ના વાર્ષિક પ્રોપર્ટી ટેક્ષમાં રાહત આપવા અંગેની કમિશનરની ભલામણને આજરોજ મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં મંજૂરી આપવામાં આવી છે. તેમજ મહાનગરપાલિકામાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા અને ચાલુ ફરજ દરમ્યાન અવસાન પામેલા સ્વ. શ્રી પ્રવિણભાઈ વી. પંડયાના વારસદાર શ્રી ભાવેશ પ્રવિણભાઈ પંડયાને સફાઈ કામદાર તરીકે રહેમરાહે નિમણુંક આપવાની કાર્યવાહીને પણ આજરોજ સ્થાયી સમિતિની બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી.

આજરોજ ગાંધીનગર મહાનગરપાલિકાના સ્થાયી સમિતિના ચેરમેન શ્રી જસંવતભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. સ્થાયી સમિતિની બેઠકમાં અલગ-અલગ પ્રકારના ૧૪ વિષયનો આવરી લેવામાં આવ્યા હતા. આ બેઠકમાં આવરી લેવામાં આવેલા વિષયમાં તા. ૧૫મી માર્ચ અને તા. ૨૧મી ઓકટોબર, ૨૦૨૧ દરમિયાન મળેલી બેઠકની પ્રોસીડીંગને મંજૂરી આપવામાં આવી છે. તેની સાથે ગાંધીનગર મહાનગરપાલિકામાં નાણાંકીય વર્ષ- ૨૦૨૧-૨૨માં એડવાન્સ મિલકતવેરો ભરનાર કરદાતા માટે ૧૦ ટકા વળતર યોજનાની સમયમર્યાદા વધારવામાં આવી હતી. તેને પણ મંજૂરી આપી હતી.

મહાનગરપાલિકામાં જૂના વાહનોનો હરાજી દ્વારા નિકાલ કરવા, મહાનગરપાલિકામાં જરૂરિયાત મુજબના નવા વાહનોની ખરીદી કરવા, કમાન્ડ એન્ડ કંટ્રોલરૂમ ખાતે બે કલાર્ક આઉટસોર્સથી નિમણુંક કરવાની અને અન્ય બાબતેને સ્થાયી સમિતિમાં મંજૂરી આપવામાં આવી છે.

તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાના સેકટર-૧૭માં નિર્માણ પામેલા નવીન ભવનમાં ઈન્ટીરીયલ, ફર્નિચર, એચ.વી.એસી તથા બિલ્ડીંગ મેનેજમેન્ટ સિસ્ટમની કામગીરી એચ.વી.એસી અને બી.એમ.એસ.ના ૫ વર્ષના મેઈન્ટેનન્સની કામગીરી માટે ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા દ્વારા અંદાજીત ભાવો રુપિયા ૯,૪૩,૯૬, ૩૧૪ ની સામે ૨૮.૯૨ ટકા નીચા ભરાઈ આવેલા એલ-૧ ઈજારાદારશ્રી જયોતિ ઈન્ફરાકોન કંપનીનું રૂપિયા ૬,૭૦,૯૬,૯૦૦/- નું ટેન્ડર મંજૂરી આપવાની કાર્યવાહી પણ સ્થાયી સમિતિની બેઠકમાં કરવામાં આવી હતી.

સરગાસણ કાચા છાપરામાંથી પાંચ બોટલ દારૂની મળી

ગાંધીનગર, તા.૨

સરગાસણ છપ્પનભોગ હોટલની પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં રહેલા કાચા મકાનમાં બેઠકખંડના ખુણામાંથી વિવિધ બ્રાંન્ડની બોટલ નંગ-૫ કિં.રૂ.૨૪૯૦ ના મુદ્દામાલ સાથે એક શખ્સને પકડી પાડી પોલીસે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સેકટર-૭ પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે સમયે પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે ભરતભાઈ પ્રતાપભાઈ ઠાકોર (રહે. સરગાસણ છપ્પનભોગ હોટલની પાછળ ખુલ્લી જગ્યામાં કાચા મકાનમાં) પોતાના મકાનમાં વિદેશી દારૂની બોટલ રાખી વેચાણ કરે છે. જેથી પોલીસે તાત્કાલીક સ્થળ પર જઈ રેઈડ કરતા પોલીસને ભરત ઠાકોર મળી આવ્યો હતો. પોલીસે તેના મકાનમાં તપાસ કરતા બેઠકરૂમના ખુણામાંથી પાંચ બોટલ વિદેશી દારુની મળી આવી છે. પોલીસે શખ્સ પાસે દારૂની પરમીટ માંગતા તે નહી હોવાનું જણાવ્યું હતું. પોલીસે રૂ.૨૪૯૦ ની પાંચ બોટલ વિદેશી દારૂની કબ્જે કરી શખ્સ સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી ૧૦ બોટલ દારૂ ઝડપાયો

ચંદ્રાલા નાકા પોઈન્ટ પાસેથી વાહન ચેકીંગની કામગીરી દરમિયાન ચિલોડા પોલીસે થાર ગાડીમાંથી દારૂની ૧૦ બોટલ સાથે બે શખ્સો ઝડપાયા છે. ચિલોડા-હિંમતનગર હાઈ-વે માર્ગ પર ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી ચાલી રહી હતી. તે સમયે હિંમતનગર તરફથી એક થાર ગાડી નં.જી.જે.૦૧. કે. વી.-૬૩૫૭ ને ઉભી રખાવી ગાડીમાં તપાસ કરતા પાછળની સીટ નીચેથી દારૂની ૧૦ બોટલ મળી આવી હતી. પોલીસે કારમાં બેઠેલા શખ્સના નામ પુછતા તેઓએ કનુભાઈ મંગળભાઈ રાવળ, ડ્રાઈવરની સીટની બાજુમાં બેઠેલા શખ્સનુ નામ નવઘણજી રણછોડજી ઠાકોર હોવાનું ધ્યાને આવ્યું હતું. જયારે પોલીસે થાર ગાડીમાંથી રૂ.૭૨૦૦ ની ૧૦ બોટલ દારુ અને રૂ.૫ લાખની કાર કબ્જે કરી છે.